## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ




સર, થોડો ખીચડીનો સ્વાદ આવશે... કદાચ ખીચડી નેશનલ ફુડ ડિક્લેર થાય તેની તૈયારી માટે શેફે અખતરા ચાલુ કર્યા છે...!!!

# લો, દેવ દિવાળી સાથે લગ્નસરાની સીઝનનો પ્રારંભ..!!!

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગરમાં દેવ દિવાળી સાથે જ લગ્નસરાની મૌસમનો પ્રારંભ થઈ જવા પામ્યો છે. લગ્નસરાની મૌસમની શરૂઆતથી જ શહેરમાં અસંખ્ય લગ્ન સમારંભોના આયોજનો અને તેની તૈયારીઓનો ધમધમાટ જોવા મળી રહ્યો છે તથા પાર્ટી-પ્લોટ્સ ખાતે મંડપ સજાવટની શરૂઆત નજરે પડી રહી છે.



દિવાળીના પર્વ બાદ દેવ દિવાળી સુધી નાગરિકોમાં એકબીજાના ઘરે જવા-આવવાનું, શુભેચ્છાઓ પાઠવવાનું વગેરે ચલણમાં હોય છે. વળી આ સમયગાળા દરમ્યાન વિવિધ સંસ્થાઓ, સમાજો તથા સંગઠનોના નૂતન વર્ષના સ્નેહમિલન સમારંભો વગેરેનું આયોજન પણ થતુ રહે છે. આ વર્ષે દેવ દિવાળીના આગમન સાથે શહેરમાં લગ્નસરાની સીઝનનો પણ પ્રારંભ થઈ જવા પામ્યો છે. દિવાળી પછીના સમયમાં સ્નેહીજનો એકબીજાના ઘરે મળવા જવા સાથે જ આ તારીખોમાં આવનારા લગ્ન સમારંભોની કંકોત્રીઓ વિતરણ અને તે અંગેના આયોજનોની ચર્ચા કરતા જણાતા હતા. લગ્નસમારંભોની સીઝનના કારણે લાઈટ-મંડપ-સાઉન્ડ વગેરે તથા કેટરર્સ સહિતના વ્યવસાયિકો વ્યસ્ત થઈ જવા પામ્યા છે. શહેરના પાર્ટી પ્લોટો પર રાસ-ગરબાના ઢોલ પણ ઢૂબકવા લાગ્યા છે. અને બજારમાં પણ ખરીદીનો માહોલ ફરી જોવા મળી રહ્યો છે. શાળા-કોલેજોમાં દિવાળી વેકેશન પૂર્ણ થવા સાથે જ લગ્નસમારંભોની હારમાળા નાગરિકો માટે ટીમના શિડ્યુલ અત્યંત વ્યસ્ત કરનારી સાબિત થશે તેવું જણાઈ રહ્યું છે.

## મહાનગર ભાજપના અનુસુચિત જાતિ મોરચાના હોદેદારોની વરણી

ગાંધીનગર તા ૪

ગુજરાત પ્રદેશ ભાજપના અધ્યક્ષ જીતુવાઘાણી તેમજ મહામંત્રી કે સી પટેલ અને ભાજપ પ્રદેશ અનુસુચિત જાતિ મોરચાના અધ્યક્ષ શંભુનાથ ટુંડીયાજીની સુચનાથી ગાંધીનગર મહાનગર ભાજપના પ્રમુખ મહેન્દ્ર દાસ દ્વારા ગાંધીનગર મહાનગર અનુસુચિત જાતિ મોરચાના હોદેદારોની વરણી કરી છે. જેમાં પ્રમુખ તરીકે ડો નિતીન અંજાન મહામંત્રી તરીકે ભીખાભાઈ વાઘેલા, દિલીપભાઈ મોર્યની વરણી કરવામાં આવી છે. જયારે ઉપપ્રમુખપદે વિરેન્દ્ર જાદવ, ભરત જાદવ કમલેશ બેંકર સહીત ૪ નો સમાવેશ કરાયો છે. આ ઉપરાંત મંત્રી તરીકે ગુણવંત સુતરીયા અને બાબુભાઈ શ્રીમાળી સહીત ૫ ની વરણી કરવામાં આવી છે. જયારે કોષાધ્યક્ષ તરીકે જયંતિભાઈ એસ ડાભી અને કાર્યાલય મંત્રી તરીકે ગુલાબચંદ પટેલની વરણી કરાઈ છે.

## યશવંતસિંહા ૧૪મીએ અમદાવાદમાં

ગાંધીનગર, તા.૪

ભૂતપૂર્વ નાણામંત્રી અને ભાજપના વરિષ્ટ અગ્રણી યશવંતસિંહા ૧૪મી નવેમ્બરે સાંજે ૫.૩૦ કલાકે ઠાકોરભાઈ દેસાઈ હૉલમાં જાહેર વ્યાખ્યાન આપશે. તેમનો વિષય છે 'હવે ચૂપ નહિ રહેવાય'. અત્રે ઉલ્લેખનીય છે કે નોટબંધ અને જીએસટીનો યશવંતસિંહાએ ખુલ્લો વિરોધ કર્યો છે.

## પીલવાઈ રોડ પરથી વિદેશી દારૂની હેરાફેરી કરતો શખ્સ ઝડપાયો

### એલસીબીએ મારૂતી ઝેનમાં દારુની હેરાફેરી કરતા પીલવાઈના શખ્સને પકડયો




ગાંધીનગર, તા.૪

ગાંધીનગર એલસીબી પી.આઈ. જે.ડી. પુરોહીતની ટીમે બાતમીને આધારે પીલવાઈ-વેડા રોડ પરથી વિદેશી દારૂની હેરાફેરી કરતા પીલવાઈના શખ્સને દારૂની બોટલો સાથે દબોચી લીધો હતો. કોન્સ્ટેબલ જયપાલસિંહને મળેલી બાતમીને આધારે ટીમ વૉચ પર ગોઠવાઈ ગઈ હતી અને પીલવાઈ-વેડા રોડ પરથી નીકળેલી મારૂતી ઝેન ગાડી નં. જીજે ૦૯ એમ ૨૭૭૦ રોકીને સુરજ ઉર્ફે ગોપાલ જશુજી વિહોલને પકડી પાડી ઝેન ગાડીમાં તપાસ કરી હતી. ગાડીમાંથી ૧૪ નંગ વિદેશી દારૂની બોટલો મળી આવતા બોટલો જપ્ત કરી લઈને દારુ તથા ગાડી મળી કુલ રૂ.૫૧,૪૦૦નો મુદ્દામાલ જપ્ત કરી પકડાયેલા શખ્સની પુછપરછ શરુ કરી છે.

## સેકટરોના બગીચાઓમાં બાળકોની રમતો માટે અલગ કોર્નર બનાવવા માંગ

### ઉજ્જડ બનતા સેકટરોના બગીચાઓ આકર્ષણ ગુમાવી રહયા છે : બગીચાઓની જાળવણી માટે કોઇ આયોજન થતુ નથી

ગાંધીનગર તા ૪

શહેરના સેકટરોમાં સ્થિત બગીચાઓ જાળવણીના અભાવે ઉજ્જડ બન્યા છે. બગીચાઓની યોગ્ય જાળવણી ન થતા હરિયાળી ગુમાવતા ઉદ્યાનો સ્થાનિક નાગરિકો માટે પણ આકર્ષણ ગુમાવી રહ્યા છે. સેકટરોના બગીચામાં રમતગમતના સાધનો તેમજ પ્રાથમિક સુવિધાઓ પણ ખાડે ગઈ છે. જયારે બગીચાઓમાં સાંજ ઢળતા લાઈટો પણ ડુલ રહેતા સેકટરવાસીઓ માટે નવી સમસ્યાઓ સર્જાઇ છે. શહેરના મુખ્ય બાલોદ્યાન તેમજ સરીતા ઉદ્યાનની સાથે સેકટરના બગીચાઓની જાળવણી માટે યોગ્ય આયોજન કરવુ જોઈએ તેવો પણ સુર ઉઠવા પામ્યો છે.

ગાંધીનગરમાં એક જમાનામાં આગવુ આકર્ષણ ધરાવતા બાલોદ્યાનની કાયાપલટ કરવા માટે નવી કાર્યયોજના હાથ ધરવામાં આવી છે. જયારે બાલોદ્યાન ઉપરાંત સરીતા ઉદ્યાનને પણ વિકસાવાનુ કામ શરૂ કરાયુ છે. ત્યારે સેકટરોની આગવી ઓળખ બનેલા બગીચાઓ મરણ પથારીએ છે. સેકટરોના બગીચાઓ હરિયાળીની સાથે આકર્ષણ પણ ગુમાવી રહયા છે. ઘણાં ખરા બગીચાઓમાં રમતગમતના સાધનોના ઠેકાણા નથી. બગીચામાં માળખાગત સુવિધાઓનો ભારોભાર અભાવ વર્તાય રહયો છે. અલબત્ત લાઈટ પાણી અને બગીચાની સિક્યુરીટી વ્યવસ્થા રામભરોસે હોવાની ફરિયાદો પણ સેકટરોમાં ઉઠવા પામે છે. ત્યારે ઘણાંખરા ઉદ્યાનોમાં બાળકોના રમતગમતના સાધનો ગમે તે ઠેકાણે ખુણામાં ગોઠવી દેવાયા છે. જેના લીધે બાળકો સાથે અવર જવર કરતા પરિવારજનો માટે મુંઝવણ ઉભી થઈ છે. બગીચાઓમાં બાળકો માટે રમત ગમતના સાધનોનો અલગ કોર્નર ઉભો કરવાની વાત પણ વિસરાઈ છે. જેના લીધે પરિવાર સાથે આવતા સ્થાનિક નાગરિકોને મુંઝવણ અનુભવાનો વારો આવે છે. સેકટરના બગીચાઓમાં બાળકો માટે અલગ કોર્નર કાર્યરત કરવા તેમજ સેકટરોના ઉદ્યાનોમાં માળખાગત સુવિધાઓને યોગ્ય કરવા માટે પણ પ્રબળ માંગ ઉઠવા પામી છે. નગરના મુખ્ય બે બાલોદ્યાન તેમજ સરીતા ઉદ્યાનના નવિનીકરણનુ કામ હાથ ધરવામાં આવ્યુ છે. ત્યારે સેકટરોના બગીચાઓની પણ યોગ્ય દરકાર લેવાય તેવી માંગ ઉઠવા પામી છે. શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બુચે પણ આ અંગે રજુઆત કરી છે.



ગાંધીનગર તાલુકાના ચિલોડા-હિંમતનગર હાઈવે માર્ગ પર ગિયોડ સ્થિત સુપ્રસિધ્ધ શ્રધ્ધા અને વિશ્વાસના પ્રતિક સમા મીની શકિતપીઠ અંબાજી મંદિર-ગિયોડ ખાતે કારતક સુદ પુનમને દેવદિવાળી પર્વ નિમિત્તે દર વર્ષની પરંપરા મુજબ મંદિર દ્વારા જગતજનની જગદંબાને અન્નકૂટ તરીકે વિવિધ વાનગીઓ, મીઠાઈ, કઠોળ, શાકભાજી, મેવો ફળફળાદિ જેવા ૧૫૬નો ભોગ ધરી ધાર્મિક ધન્યતા અનુભવી હતી. આ પ્રસંગે ગિયોડ મંદિરમાં ચિલોડા વિસ્તારના ગ્રામ્ય ભાવિક ભકતજનોએ પૂજા અર્ચના કરી દર્શનનો લાભ લીધો હતો.



### ગજાનન સેવા સમિતિ દ્વારા અનાજની કીટનું વિતરણ

શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા છાત્રેશ્વરી તથા વાંટડાના ૭૦ લાભાર્થીને કુલ ૧૦ વસ્તુનું વિતરણ કર્યુ. તા. ૩-૧૧-૧૭ના દિવસે તમામને કપાસીયા તેલ, ખાંડ ૧ કી.ગ્રા., ચોખા ૨ કી.ગ્રા., મગ, ચણા ૫૦૦ ગ્રામ, ગોળ ૧ કી.ગ્રા., ચા-૨૫૦ ગ્રામ તથા સાબુ, કોપરેલ, મીઠાઈનું વિતરણ કર્યુ હતુ. આ પ્રસંગે સંસ્થાના સૌ સભ્યો હાજર હતા.

# માણસા તાલુકા પંચાયત કચેરીમાં ચાલતા અંધેર સામે જિલ્લાતંત્ર ખફા

### બે નાયબ જિલ્લા વિકાસ અધિકારીઓની ઓચીંતી મુલાકાતમાં ગુટલીબાજોની લોલમલોલ ખુલ્લી પડી

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર જિલ્લાના બે નાયબ જિલ્લા વિકાસ અધિકારીઓ અજય પટેલ અને સુશ્રી મનીષાબેન પટેલે ગઈકાલે માણસા તાલુકા પંચાયતની કચેરીની ઓચીંતી મુલાકાત લઈ ગુટલીબાજ કર્મચારીઓ સામે કડક કાર્યવાહી કરવાની સૂચનાઓ આપી હતી.

આ બન્ને અધિકારીઓએ કચેરીનું મસ્ટર ચેક કરતાં તેમાંથી ઘણી બધી પોલ ગુટલીબાજ કર્મચારીઓની ધ્યાને આવતાં તેઓ ચોંકી ઉઠ્યા હતા અને તાકીદે આવા કર્મચારીઓ સામે કડક કાર્યવાહી કરવાની સૂચના આપી હતી. મળતી વિગતો પ્રમાણે ગઈકાલના દિવસની હાજરી પુરાયેલી હોય તો આગળના દિવસોની હાજરી અંગેનો કોઈ ઉલ્લેખ મસ્ટરમાં જોવા મળ્યો ન હોવાની વિગતો જોઈ બન્ને અધિકારીઓ ચોંકી ઉઠ્યા હતા.

કેટલીક શાખાઓમાં તો કર્મચારીની રજા મંજૂર થયા વિના જ કર્મચારીઓનો પગાર કરી દેવાયાની વાત પણ ધ્યાને આવતાં તેમણે આ બાબતે ચકાસણી કરી અને જિલ્લાકક્ષાએ રિપોર્ટ આપવા માટેની પણ સૂચનાઓ આપી હોવાનું ધ્યાને આવ્યું છે.

આ અધિકારીઓએ તેમની મુલાકાત દરમ્યાન તાલુકા પંચાયતની વિવિધ શાખાઓમાં ચાલી રહેલી કામગીરીની પણ ચકાસણી કરતાં અંધેર નગરીનું ચિત્ર ઉપસ્યુ હોવાની વાતો બહાર આવી રહી છે.

આર.ટી.આઈ.ના રજીસ્ટરોની નિભાવણી નહિ થતી હોવાની, ગ્રાન્ટ રજીસ્ટરમાં પણ નિભાવણીનો અભાવ જોવા મળ્યો હોવાની વાતથી આ અધિકારીઓ ચોંકી ઉઠ્યા હતા. તેમણે ગ્રામ પંચાયતોની વેરા વસુલીનો રેકર્ડ જાળવણી તેમજ ઓનલાઈન તેની વિગતો મુકવા માટે પણ તાકીદ કરી હતી. વિકાસના કામો અંગેની વિગતો પણ પુરતી ઉપલબ્ધ ન હોવાનું જણાતાં અધિકારીઓએ ઓકટો. અંતિત સ્થિતિનું વિગતવાર પત્રકો દિન-૨માં જિલ્લાકક્ષાએ મોકલી આપવા જણાવ્યુ હતુ.

હજુ પણ તાલુકાના ગામોમાં મહેસુલી હિસાબો બાકી હોવાનું જણાતાં તાત્કાલિક હિસાબો અંગે જમાબંધી કરી અને કાર્યવાહી પૂર્ણ કરવાની સૂચના પણ આ અધિકારીઓએ આપી હતી.

ચૂંટણીની આચારસંહિતાના અમલમાં પણ ક્યાંય ચૂક ના રહી જાય તે જોવા માટે કડક તાકીદ કરી વહીવટીય પ્રક્રિયા લોકાભિમુખ બને તે જોવા જણાવ્યું હતું.

## ક્લોરીનેશનના મોનીટરીંગમાં પણ આરોગ્ય તંત્રની ઉદાસીનતા સામે ડીડીઓની નારાજગી

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર જિલ્લામાં ક્લોરીનેશનની કામગીરીના મોનીટરીંગમાં પણ આરોગ્યતંત્રના ઉદાસીન વલણને લઈ જિલ્લા વિકાસ અધિકારીશ્રી દેવાંગ દેસાઈએ સખ્ત નારાજગી વ્યક્ત કરી આ મુદ્દે ગંભીરતા નહિ દાખવનાર પંચાયત હશે તો પંચાયતના પદાધિકારી સામે અને તંત્રના જવાબદારો સામે શિક્ષાત્મક કાર્યવાહી કરવા મજબુર બનવુ પડશે તેમ જણાવ્યું હતું.

### પંચાયત કે તંત્રના જવાબદારો સામે શિક્ષાત્મક કાર્યવાહી માટે મજબૂર ના બનવુ પડે ડીડીઓની ચીમકી

તેમણે કહ્યુ કે આ બાબતે તંત્રની ઉદાસીનતાને વધુ ગંભીર લેખુ છુ. ગ્રામીણ સ્તરે પંચાયતોના પદાધિકારીઓને પણ જાગૃત કરવામાં આવે અને તેનુ મહત્વ શું છે તેનાથી વાકેફ કરવામાં આવે તે પણ જરૂરી છે.

જિલ્લામાં રાષ્ટ્રીય ગ્રામીણ આરોગ્ય મિશનની ગર્વનીંગ બોડીમાં તેમણે જિલ્લાના વિવિધ આરોગ્ય કાર્યક્રમોની સમીક્ષા કરી હતી. તેમણે કેટલીક બાબતોમાં સંતોષની લાગણી વ્યક્ત કરી હતી. પરંતુ હજુ પણ તેમાં સુધારાને અવકાશ હોવાનું જણાવી કેટલાક પ્રોગ્રામના સઘનીકરણ પર ભાર મુક્યો હતો.

તેમણે જિલ્લાકક્ષાએથી અસરકારક મોનીટરીંગની સાથે સાથે જન-જાગૃતિ અભિયાન આરોગ્ય વિષયક લેવાના સઘનીકરણની સાથે જરૂરી હોવાનું જણાવ્યું હતું.

જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ ગ્રામ્યસ્તરે સેન્ટરોની સ્વચ્છતા જળવાય તેમજ સંસ્થાકીય પ્રસુતિની સંખ્યામાં પણ વધારો થાય તે જોવા સગર્ભા માતાઓનું સમયસર રસીકરણ સહિતની બાબતોને આવરી લઈ વિવિધ યોજનાઓમાં માર્ગદર્શન આપ્યુ હતુ.




'માણસનું મન ચાંદીના લોટા જેવું હોય છે, જેને સમયાંતરે ઘસવું પડે છે ત્યારે જ ચળકાટ જળવાઈ રહે છે. ફુલની સંગત કરવાથી જેમ કોમળતા અને મહેક મળે છે તેમ સારા વ્યકિતની સંગત કરવી જરુરી છે. શિક્ષક તો સાહિત્ય સાથે સંકળાયેલી વ્યકિત છે.' આવી અનેક જીવનોપયોગી વાતો અમદાવાદના ગુજરાત કોમર્સ કોલેજના આસીસ્ટન્ટ પ્રોફેસર અને ગુજરાત રાજય પાઠય પુસ્તક મંડળ સાથે લેખક-સંપાદક તરીકે જોડાયેલા જયેન્દ્રસિંહ જાદવે તાજેતરમાં લેકાવાડાની ઓમકાર ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે યોજાયેલી શિક્ષક તાલીમમાં કહી હતી. આ તાલીમ અંતર્ગત શાળામાં યોજવામાં આવેલા તેમના વકતવ્યમાં તેમણે વ્યકિતત્વ વિકાસ અને ચારિત્ર્ય નિર્માણ અંગે ઉપયોગી સમજ પુરી પાડી હતી તથા પંચકોશની વાત વિસ્તારપૂર્વક સમજાવી હતી. શાળાના ટ્રસ્ટી ફાલ્ગુનભાઈ વોરાએ તેમનો આભાર માન્યો હતો.

## ભાજપને મીસ કૉલવાળા સભ્યો યાદ આવ્યા

ગાંધીનગર,તા.૪

ચૂંટણી નજીક આવતા મતદારોને રિઝવવા રાજકીય પાર્ટીઓ દ્વારા કોઈ કચાશ બાકી રાખવામાં આવતી નથી. મતદારોને પ્રલોભનો આપવાથી માંડી કાર્યકરોને ખુશ રાખવા તેમનો પડયો બોલ ઝીલી લેવામાં આવે છે. વિધાનસભાની ચૂંટણી જાહેર થઈ ચૂકી છે. સુરતમાં પ્રથમ ચરણમાં મતદાન થવા જઇ રહ્યું છે ત્યારે ભાજપને મિસ કોલ કરી બનાવાયેલા પ્રાથમિક સભ્યોની યાદ આવી છે. એક વર્ષ બાદ વિસરાઇ ગયેલી વોટબેંકને પુનઃજીવિત કરવા તમામ ધારાસભ્યોને તેમની વિધાનસભા દીઠ કોલ સેન્ટર શરૂ કરી મિસ કોલ કરનારા સભ્યોને રિ-ચાર્જ કરવા આદેશ કરાયો છે. આ આદેશને પગલે શહેરની ૧૨ વિધાનસભા સીટો પૈકી બેથી ત્રણ બેઠકો ઉપર તાબડતોબ કોલ સેન્ટર શરૂ પણ કરી દેવાયા છે.

એકાદ વર્ષ અગાઉ ભારતીય જનતા પાર્ટીએ દેશભરમાં મિસ કોલ કરી કરોડો સભ્યોની નોંધણી કરી હતી. પ્રાથમિક સભ્યપદે નોંધાયેલા આ કાર્યકરોમાં સુરતથી ૧૧ લાખ મિસ કોલ કરાયા હતા. અલબત્ત, આટલી મોટી સંખ્યામાં લોકો ભાજપના કાર્યકર બન્યા હોવાનો દાવો કરાયો હતો. આ કેમ્પેઇન પૂરું થયા બાદ મિસ કોલ કરનારા સભ્યોની યાદી અભરાઇએ ચઢાવી દેવાઇ હતી. હવે વિધાનસભાની ચૂંટણી માથે છે ત્યારે ભાજપને આ ભૂલી જવાયેલા કાર્યકરોની યાદ આવી છે.

## પ્લાસ્ટિક વેસ્ટના નિકાલના પ્રશ્નને ઉકેલવા કાર્યયોજના ઘડાઈ

અમદાવાદ,તા.૪

દેશભરમાં માથાના દુખાવારૂપ બની ગયેલાં પ્લાસ્ટિક વેસ્ટના નિકાલના પ્રશ્ને ભારત સરકારના વન અને પર્યાવરણ વિભાગના ઉચ્ચ અધિકારીઓની એક મહત્વની બેઠક મ્યુનિ. કમિશનર અને કોર્પોરેશનના હેલ્થ અને સોલિડવેસ્ટના અધિકારીઓ સાથે યોજાઈ હતી, જેમાં સૌથી મહત્વનો મુદ્દો એ હતો કે પ્લાસ્ટિકમાં પોતાના ઉત્પાદનો વેચતી કંપની પાસેથી જ તેમના ચીજવસ્તુના વપરાશ બાદ કચરામાં આવતા પ્લાસ્ટીકના નીકાલની રકમ તેમની પાસેથી જ વસુલવી જોઈએ. પ્લાસ્ટિકના પેકિંગમાં ખાદ્યપદાર્થો અને પીણાં વેચતી કંપનીઓ પાસેથી તેના ખાલી બોટલો અને અન્ય કચરાના નિકાલની રકમ વસુલાશે આ અંગે પ્રાપ્ત વિગતો અનુસાર પ્લાસ્ટિકના નીકાલ અંગે કેન્દ્ર સરકારે એક વિષય નિષ્ણાંતોની એક્ષપર્ટ કમિટીની રચના કરી છે. આ અંગે પ્રાપ્ત વિગતો અનુસાર ઠંડા પીણાંની ખાલી પ્લાસ્ટિકની બોટલો, દુધની ખાલી બોટલો, સોસની બોટલો સહિત ખાણીપીણી અને અન્ય ઘરેલું વપરાશની ચીજો પ્લાસ્ટિકનાં પેકિંગમાં આવે છે. જેના વેસ્ટના નીકાલમાં કે રિસાયકલ કરવામાં મ્યુનિ.એ ખર્ચ કરવો પડે છે.

આ ખર્ચ કઈ રીતે કંપનીઓ પાસેથી વસુલી શકાય તેમજ આરોગ્યને નુકશાનકારક હોય તેવા પ્લાસ્ટિકના ઉપયોગને કઈ રીતે રોકી શકાય તે મુદ્દા પર ચર્ચા થઈ હતી. ૫૦ માઈક્રોનથી પાતળા પ્લાસ્ટિક પર પ્રતિબંધ છે, જેનો અસરકારક અમલ જરૂરી હોવાનું પણ સૂચન થયું હતું.

ઉપરાંત સેનેટરી નેપકીન અને બાળકોના ડાયપરના ઉપયોગમાં અને તેના નિકાલમાં આરોગ્ય સંબંધી કાળજી જરૂરી હોવાનું પણ ચર્ચાયું હતું. જો પ્લાસ્ટિક બેગમાં ભરીને ફેંકે તો ફરી પ્લાસ્ટિકના નીકાલનો પ્રશ્ન આવવાનો છે. તેમજ આ કમિટીના અધિકારીઓએ પીરાણાની ડમ્પીંગ સાઈટના કચરાના ડુંગર અને ત્યાં આવેલા કચરાના તેમજ પ્લાસ્ટિક રિસાયકલના એકમોની મુલાકાત લીધી હતી. સોલિડવેસ્ટ મેનેજમેન્ટ અને તેના પ્રશ્નો સંદર્ભે પણ તેમણે અભ્યાસ કર્યો હતો. તમામ પાસાના અભ્યાસ બાદ આ કમિટી પ્લાસ્ટિકના ઉપયોગ અને નિકાલની નવી નીતિ ઘડશે તેમ જણાય છે.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, છઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિકસ ડિઝાઈનીંગ